R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 13 DATE: 26-03-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇસ્લામિક સ્ટેટ દ્વારા સીરીયાના ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા એક્ટીવીસ્ટોને યુએસના એજન્ટ હોવાના શકે મારી નાંખવામાં આવ્યા



તાજેતરમાં ઈસ્લામીક સ્ટેટ દ્વારા તેમના પ્રોપેગંન્ડા રુપ એક વીડીયો જારી કરવામાં આવ્યો હતો. જેમાં આ ટેરર ગ્રુપ દ્વારા ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓને યુએસ લેડ કોલીયેશનના એજન્ટ હોવાના નાતે મારી નાંખવામાં આવ્યા હતા તે બતાવાયું હતું.

સ્વતંત્ર ન્યુઝ એજન્સી એરા ન્યુઝ પ્રમાણે ઈસીસ સાથે સંકળાયેલ અલ-ખૈર-મીડીયા સેન્ટર સીરીયા સ્થિત દૈરા ઈરોઝ પ્રોવીન્સ દ્વારા એક ફુટેજ જારી કરવામાં આવ્યો હતો કે ઈસ્લામીક સ્ટેટના ફાઈટરર્સે ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓની હત્યા કરી છે અને તેની જવાબદારી લીધી હતી.આ પૈકીના કેટલાક લોકોને છેલ્લા કેટલાક દિવસોમાં તુર્કીમાં મારી નાંખવામાં આવ્યા હતા.રીપોર્ટમાં જણાવાયુ હતું કે આ વીડીયોમાં બાતાવાયું હતું કે છેલ્લા બે વર્ષમાં ઈસ્લામિક સ્ટેટ દ્વારા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓનો ખાતમો બોલાવી દેવાયો હતો.તેમાં એવું પણ જણાવાયું હતું કે કેટલાક ને ઈસ્લામીક સ્ટેટ સાથે સંકળાયેલા ગનમેને પાડોશી દેશ તુર્કીમાં ગોળીઓ મારી હતી.

વીડીયોમાં દર્શાવ્યા મુજબ કેટલાક જર્નાલીસ્ટ યુએસ લેડ કોલીયેશનની તરફદારી કરતાં દેખાય છે,તેમજ મીલીટંટ ગ્રુપના ઠેકાણાઓ પર જે હવાઈ હુમલાઓ કરવામાં આવ્યા તેના માટે જવાબદાર આ જર્નાલીસ્ટોને ગણાવાયા હતા.

આ ઉપરાંત ફુટેજમાં સીરીયાના બે પત્રકારો કે જેઓ કબુલ કરી રહ્યા છે કે તેમણે ઈસ્લામીક સ્ટેટની કેટલીક સીક્યુરીટીને લગતી બાબતો લીક કરી હતી અને ઈન્ટરનેશનલ કોલીયેશનને પહોચાડી હતી.વધુમાં આ ઈસ્લામીક સ્ટેટનું ગ્રુપ જર્નાલીસ્ટોને ચેતવણી આપી રહ્યું છે કે જો તેઓ હ્યુમન રાઈટસ ભંગ અંગેના કોઈપણ રીપોર્ટ જારી કરશે કે તેમાં તેમની સંડોવણી લાગશે તો તેઓએ તેની સજા ભોગવવી પડશે.ક્રુઝેડર્સ કોલીયેશન તેમને સજા કરશે. એક અનામી સીવીલ રાઈટ્સ એકટીવીસ્ટ ગલ દૈરા ઈઝોરે એરા ન્યુઝને જણાવ્યું હતું કે ખરેખર જર્નાલીસ્ટો માટે આ આત્મહત્યા કરવા જેવો સમય છે.કારણકે ઈસ્લામીક સ્ટેટના ટેરરીસ્ટોનો આતંક ચાલી રહ્યો છે.

મીડીયા કર્મીઓને ઈસ્લામીક સ્ટેટના ટેરરીસ્ટો નિશાન બનાવી રહ્યા છે.સ્વતંત્ર રીતે કામ કરતા પત્રકારો કોઈક ખાસ પાર્ટી માટે કામ કરતા હોય છે તેમાં ખાસ કરીને વેસ્ટર્ન કોલીયેશનના.તેથી આવા પત્રકારો ઈસ્લામીક સ્ટેટની સીક્યુરીટી અંગેની માહીતી લીક કરી દેતા હોય છે.જ્યાં મીલીટંટોની સ્થિતિ અને તેમના થાણાં બાબતેની ખાસ માહીતી હોય છે.પરંતુ આવા મહાન અને બહાદુર પત્રકારોના કારણે જ તમામ એટ્રોસીટી અંગેની રોજબરોજની માહીતી દુનિયાને ખબર પડે છે.સામાન્ય નાગરિકો સાથે ઈસ્લામીક સ્ટેટના આતંકીઓ કેવો વ્યવહાર કરી રહ્યા છે તેનો ચિતાર દુનિયા સમક્ષ આ નિડર પત્રકારત્વને લીધે આવે છે.

કત્લ કરવામાં આવેલ પત્રકારો પૈકી આ વિડીયોમાં જે પત્રકારને દેખાડવામાં આવ્યા તેમનુ નામ છે નાજી-અલ-જર્ફ. જર્ફ રક્કામાં એક ઓરગેનાઈઝેશન સાથે સંકળાયેલ હતા.તેમની ઠંડા કલેજે કત્લ કરવામાં આવી હતી.આ ઓરગેનાઈઝેશન ઈસ્લામીક સ્ટેટની સીરીયાના ખાસ વિસ્તારોમાં એબ્યુસ પ્રવૃતિઓનો રીપોર્ટ તૈયાર કરીને આપે છે.રક્કામાં સૌથી વધુ જર્નાલીસ્ટોની કત્લ કરવામાં આવી છે.કેટલાક પત્રકારો જેઓ તુર્કીમાં પોતાની પ્રવૃત્તિને શાંતિથી ચલાવી રહ્યા હતા તેઓનો પણ આ કત્લમાં સમાવેશ થાયછે.તુર્કી સલામત જગ્યા હોવાથી ત્યાં પત્રકારો પોતાની પ્રવૃત્તિઓ ચલાવતા હતા.જર્ફને ઈસ્લામીક સંગઠનની સાથે સંકળાયેલ એક અન્ય સગંઠને ટર્કીસ સીટી ગાઝીએન્ટેપમાં ગોળી મારી હતી.જર્ફ એડીટર-ઈન-ચીફ,તરીકે એક સીરીયન મેગેઝીનમાં કાર્યરત હતા. આ મેગેઝીન સીરીયાની સપ્ન જીવન વિશે તેમજ સીવીલ વોર વિશેના રીપોર્ટ આપતું હતું.

ગત સપ્તાહમાં સીરીયન જર્નાલીસ્ટ અહેમદ અબ્દેલ કાદર પર ઈસ્લામીક સંગઠન સાથે સંકળાયેલ ટેરર ગ્રુપ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.સદભાગ્યે તેઓ બચી ગયા હતા.આ હુમલો ઈસ્લામીક સંગઠન દ્વારા મળેલ ધમકી બાદ કરવામાં આવ્યો હતો.આ પહેલા તેમના ભાઈ ઈબ્રાહીમ અબ્દેલ કાદર અને તેમના ફેલો મીડીયા એકટીવીસ્ટ ફેરીસ હમાદીનો મારી નાંખાયા હતા.ઈબ્રાહીમ અબ્દેલ કાદર રક્કામાં શાંતિથી કત્લ કરાયેલ જર્નાલીસ્ટ હતા.ઈરાકી પ્રેસિડેન્ટના જણાવ્યા પ્રમાણે ક્રિશ્ચિયનો આ દેશના મુળ નાગરિકો છે.આ જાતિનું નિકંદન કાઢી નાંખવાની પ્રવૃત્તિ મીડલ ઈસ્ટમાં જે ચાલી રહી છે તે ખતરનાક છે. જો કે જે વીડીયોમાં દર્શાવ્યું છે તે માટે કેટલા બધા પત્રકારોએ નિડરતાથી સમાચારો દુનિયા સમક્ષ લાવવા પોતાના જાન કુરબાન કર્યો છે તેઓને સેલ્યુટ

## ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય : સરકારી હોસ્પીટલોમાં પોસ્ટમોર્ટમની કાર્યવાહી હવે ૨૪ કલાક મળી શકશે

અકસ્માત, પાણીમાં ડુબવા કે અન્ય કોઈ પણ રીતે થતાં માનવ મૃત્યુના પ્રસંગે મોતનું કારણ જાણવા માટે પોસ્ટ મોર્ટમ કરવું જરુરી છે. ગુજરાત સરકારની આ સેવાઓ આપતી હોસ્પીટલો માત્ર દિવસે જ પોસ્ટ મોર્ટમ થતું હોવાનું બહાનું કાઢીને મૃતકોના આપ્તજનો,સગા સબંધીઓને આખી રાત બેસાડી રાખતી હોવાની વ્યાપક ફરિયાદને લક્ષમાં લઈને સરકારે પોતાની ગ્રાન્ટ પર નભતી હોસ્પીટલોમાં પોસ્ટ મોર્ટમની સેવા ૨૪ કલાક આપવાની જાહેરાત કરી છે.આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના અધિક નિયામકની સહી એક અધિસુચના દ્વારા પ્રાથમિક,સામુહિક, સબ ડ્રિસ્ટીક અને જિલ્લા કક્ષાની સરકારી હોસ્પીટલોને આદેશ કરવામાં આવ્યો છે.તેમાં જણાવવામાં આવ્યું છે કે જે તાલુકા મથકોએ સરકારી હોસ્પીટલોમાં પોસ્ટ મોર્ટમની વ્યવસ્થા ન હોય ત્યાં ગ્રાંન્ટ મેળવતી સંસ્થાઓની હોસ્પીટલોએ પણ ૨૪ કલાક આ સેવા આપવાની રહેશે.એટલું જ નહી પોસ્ટ મોર્ટમની વ્યવસ્થાઓ જ્યાં ઉપલબ્ધ છે તેવી તમામ હોસ્પીટલોએ આ દવાખાનામાં દિવસ રાત પોસ્ટ મોર્ટમ થાય છે તેવા લખાણ સાથેના બોર્ડ સામાન્ય નાગરિકોને દેખાય અને વંચાય તે રીતે મુકવાના રહેશે.જો હોસ્પીટલનો સ્ટાફ અસામાન્ય સંજોગોમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવાનો ઈન્કાર કરે તો નાગરિકો તેની રજુઆત કે ફરિયાદ તત્કાળ ગાંધીનગર સ્થિત આરોગ્ય કમિશ્નરને કરી શકશે

અકસ્માત વખતે તો તત્કાળ પોસ્ટમોર્ટમ થવું જોઈએ તેવી સ્પષ્ટસુચનાઓ આપતાં આદેશમાં એમ પણ કહેવાયું છે કે પોઈઝન કે અન્ય શંકાસ્પદ કેસ સિવાય તમામ પ્રકારની ઘટનાઓમાં મૃતદેહને લાંબો સમય પડી રાખનારાઓ સામે કાર્યવાહી થઈ શકે છે.

ગુજરાત સરકારે પોસ્ટ મોર્ટમ ૨૪ કલાક થઈ શકે તે માટે કરેલા આદંશથી અનેક લોકો તેમના સગા સબંધીઓ જેઓ અકસ્માતમાં કે અન્ય ઘટનાઓમાં મૃત્યુ પામે ત્યારે પોસ્ટ મોર્ટમ થઈ નહી શકવાને કારણે લાંબો સમય સુધી ઈન્તજાર કરવો પડે છે અને અનેક તકલીફોનો સામનો કરવો પડે છે.તેથી આ નિર્ણયને કારણે સામાન્ય જનતાને તકલીફોમાંથી મુક્તિ મળશે.

## ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વ કપની મેચમાં ભારતનો ચમત્કારીક વિજય

બેગલુર ખાતે ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વકપની ભારત અને બાંગલા દેશ વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટ મેચમાં ભારતનો એક રને ચમત્કારીક વિજય થયો હતો.છેલ્લી ઓવર સુધી ભારતનો પરાજય નકકી જણાતો હતો. અંતે છેલ્લા બોલે ભારતની હાર વિજયમાં પલટી ગઈ હતી.ભારતની મજબુત ગણાતી બેટીંગ બંગલાદેશીઓ સામે નબળી પુરવાર થઈ હતી.શરુઆતના તબક્કામાં ભારત હવે આગળ વધી શકશે નહી એવું લાગતું હતું પરંતુ છેલ્લા બોલે ભારતને વિજય મળતાં હવે સેમી ફાઈનલસુધી પહોચવાની તકો ઉજળી બની છે.આ પહેલા પણ ભારતે સાઉથ આફ્રિકા સામે એક રને વિજય મેળવ્યો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

આજકાલ દેશમાં બહુ ચર્ચાતો મુદ્દો હોય અને ગરમીનો માહોલ સર્જી શક્યો હોય તો તે છે રાષ્ટ્રવાદ અને દેશદ્રોહ.પરિણામ એ આવ્યું છે કે ભાજપ અને સંઘને આ બાબતે વિચારણા કરવાની એક વધુ તક સાંપડી છે.જેનાથી ફરીથી એકવાર દેશની જનતાને મતદાન માટે આર્કષી શકાય.દેશભક્તિ એક એવો મુદ્દો છે કે જેના પર કોઈ ચર્ચાની શક્યતા જ નથી.આગામી સમયમાં બંગાળ,આસામ,પંજાબ, કેરળ, તામિલનાડુ,પાંડેચરી,ઉત્તર પ્રદેશની વિધાનસભાઓની ચુંટણીઓ આવી રહી છે.ત્યારે હવે આ નવો મુદ્દો દેશભક્તિ અને દેશદ્રોહને કેવી રીતે વટાવી શકાય તેની પર વિચારવા પાછળનો આધાર છે.જેએનયુના મુદ્દે સોશ્યલ મીડીયા,પ્રિન્ટ અને ટીવી મીડીયા જે રીતે પ્રચાર અને પ્રસાર કર્યો તેથી એવું લાગ્યું કે આ મુદ્દે ખરેખર કામ થઈ શકે છે.આ મુદ્દે આગળ વધી શકાય છે.મંદિર અને હિંદુત્વના મુદ્દાઓ હવે વધુ ચાલી શકે તેમ નથી. વિકાસના મુદ્દાઓ પર દેશની જનતાને કયાં સુધી મુરખ બનાવી શકાય પરંતુ આ એક એવો મુદ્દો છે તેની કોઈ સીમા જ નથી.

ભારતમાં મધ્યમ વર્ગનો મોટાભાગનો બહુસંખ્યક વર્ગ દેશભક્તિ અને દેશદ્રોહની ચર્ચામાં ગુંચવાયો છે.અને પોતાને દેશભક્તોની જમાતમાં સાથે ઉભેલા જુએ છે. પણ ધ્યાન રાખવાની વાત એ છે કે આ ભાવના ફક્ત મધ્યમવર્ગીય સમાજ સુધી જ સીમીત છે તેની અસર હાલ ગામડાંમાં નથી મળતી.

ઈન્દીરાની હત્યા બાદ સહાનુભુતિની લહેર,ચુંટણી પુર્વે મોદી જેવી આંધીમાં મતદારો ભાવુક બની જાય,પરંતુ આવું હંમેશા બનતું નથી.એથી એવું માનવું કે દેશ ભક્તિના મુદ્દે દેશનો મતદાર મોટી સંખ્યામાં ભાજપને મતદાન કરશે તે કદાચ વધુ પડતું છે.વાસ્તવિકતા એ છે કે ચુંટણીમાં મુખ્ય ભુમિકા ખેડુત,મજુર અને ગામડાના મતદારોની હોય છે.ઈતિહાસ સાક્ષી પુરે છે કે કેટલાક અપવાદો સિવાય દેશનો સામાન્ય સમાજ અને મધ્યમવર્ગીય સમાજ અલગ અલગ વિચાર ધરાવે છે.શહેરમાં આ દેશદ્રોહ અને દેશભક્તિની ચર્ચા ચાલે છે.પરંતુ ગામડાંમાં આ બાબતે કંઇ રુચિ નથી.ભગતસિંહને શ્રધ્ધાંજલિ આપતાં ભાજપ અને કોંગ્રેસે દેશભક્તિ અને દેશદ્રોહ બાબતે અલગ અલગ નિવેદનો આ બાબતે કર્યા છે.પરંતુ આ બેઉ બાબતે બેઉ પક્ષોના નેતાઓએ આત્મમંથન કરવું જરુરી છે.દેશભક્તિના સુત્રોથી દેશની સમસ્યાઓ હલ થતી નથી.ગામડાની દશા સુધારવાનું,રોજગારી ઉપલબ્ધ કરવાનું,મોંઘવારી ઓછી કરવાનું કામ દેશભક્તિ છે. આ વિચારવાનું જ્યારે જે પક્ષ કે સરકાર નક્કી કરે તે સાચો દેશભક્ત કહેવાય. ( સૌ.વિનીત નારાયણના લેખના આધારે- વિચારસેતુ)

## મારા સ્વપ્નનું ભારત

આપણે નિત્ય સ્નાન કરનારાઓની પ્રજા કહેવાઈએ છીએ.નિત્ય સ્નાન તો આપણે કરીએ છીએ, પણ એથી આપણને કશો લાભ થતો નથી. કેમકે આપણે આ મેલા પાણીથી નાહીએ છીએ. આપણાં તળાવ અને નદીને આપણે મેલથી ગંદા બનાવીએ છીએ અને એ પાણીને પીવા નહાવા માટે વાપરીએ છીએ. આપણા વકીલો, ડીગ્રીધારીઓને ડોકટરો સ્વચ્છતાના મુળતત્વો પણ શીખતાં નથી. મળને ઠેકાણે પાડવાની સૌથી લાભકારક રીત આપણે શોધી કાઢી નથી.અને આપણી ખુલ્લી આરોગ્યદાયી જગાઓને રોગના ઉત્પત્તિસ્થાનો બનાવી મુકીએ છીએ.

-ગાંધીજી


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in


# મની લોન્ડરીંગના મામલે મહારાષ્ટ્રના ભુતપુર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી છગન ભુજબળની ધરપકડ

મહારાષ્ટ્રના ભુતપુર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી અને એનસીપીના ટોચના ગણાતા નેતા એવા છગન ભુજબળની એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ(ઈડી)એ મની લોન્ડરીંગના કેસમાં ધરપકડ કરી હતી.દિલ્હીમાં મહારાષ્ટ્ર ભવનના નિર્માણમાં ભુજબળે મોટાપાયે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આરોપ છે.એટલુંજ નહીં પણ આ નાણાં વિદેશોમાં મોકલી દઈને ત્યારબાદ તે જ નાણાંનું મુંબઈમાં એક રિયલ એસ્ટેટ પ્રોજેકટમાં રોકાણ કરવાનો આરોપ છે.આ જ કેસમાં ભુજબળના ભત્રીજા સમીરની ધરપકડ થઈ છે.તેમજ ભુજબળના પુત્ર પંકજની પણ ધરપકડ થવાની શક્યતા છે.કૌભાંડમાં જેનું નામ સંડોવાયેલું છે.મહારાષ્ટ્ર સદનના ૧૦૦કરોડના કોન્ટ્રેકટ આપવાના તેના કરતાં પણ અનેક ગણી લાંચ લીધી હતી તેવો આરોપ છે.એસીબીએ ભુજબળ,પંકજ,સમીન અને અન્ય ૧૪ લોકો સામે આ કૌભાંડમાં ચાર્જશીટ કરી છે.ભુજબળ પીડબલ્યુડીના મંત્રી હતા ત્યારે કરોડો રુપીયાની લાંચ માટેના તેમની પર આરોપો કરાયા છે.

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

# કબ્રસ્તાન વિકાસના પ્રોજેકટમાં જોડાવો....

## પ્રોજેક્ટ પુનરૂત્થાન

### આત્મચિંતન

ખ્રિસ્તમાં મારા વ્હાલા ખ્રિસ્તી મંડળીના આગેવાનો,ધર્મગુરુઓ તથા મંડળીના તમામ સભાજનોને ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ સાથે આત્મચિંતન અપીલ..

સાંપ્રત સમયમાં આપણાં આકાશમાંના દેવનો વધસ્તંભ ઉંચકીને દેવના બલિદાનને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા શાંતિપ્રિય ખ્રિસ્તી સમાજને બે હાથ જોડી કરવામાં આવી રહેલ નમ્ર અપીલ.

વ્હાલાઓ, ગુજરાત રાજ્યમાં ખ્રિસ્તી ધર્મનો પાયો નંખાયાને આશરે ૩૦૦ વર્ષ પુર્ણ થવા આવ્યા છે.તેવા ગાંધીજીના ગુજરાતની ધરતી પરના શાંતિપ્રિય ખ્રિસ્તી લઘુમતી સમાજના અભુતપુર્વ સંસ્મરણો કદાચ થોડા સમયમાં અતિતની યાદ અપાવી દે અને જો બીજા શબ્દોમાં કહીએ તો ખુબ જ સુચક રીતે ગુજરાત રાજ્યમાં મિશનેરીઓના અથાગ પ્રયત્નો અને ખુનથી ઊભા થયેલ ખ્રિસ્તી સમાજનું અસ્તિત્વ જોખમમાં આવી પડશે. જે ખાસ અમારા જેવા યુવાનોને અને તમામ સભાજનોને આત્મસાત કરી મનોમથન કરવા મજબુર કરે છે.કારણકે થોડા સમય અગાઉ અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાણી લિમડા ચારરસ્તાથી નારોલ,સરખેજ હાઈવેને ટચ થતાં પિરાણા રોડ પર નવા બનાવવામાં આવેલ રોડના કામકાજમાં ઘંટી ટેકરાના હુલામણા નામથી ઓળખાતાં સંયુક્ત કબ્રસ્તાનના રોડ તરફના ભાગની ભયંકર દુર્દશા થયેલ છે.અને કબ્રસ્તાનનો વર્ષો પુરાણો કોટ(પ્રોટેકશન વોલ) પણ મોટાપાયે નુકશાન ગ્રસ્ત થયેલ છે.

કબ્રસ્તાન રોડ પરનાં ભાગનો કોટ જર્જરીત થઈ તુટી જવાથી કોઈપણ જાતનું પ્રોટેકશન ન હોવાથી અસામાજીક તત્વો દ્વારા ક્રોસો તોડી પાડી,કબરોને નુકશાન પહોચાડી, મનફાવે તેમ અવરજવર કરી, એક પવિત્ર સ્થાનનું મુલ્ય ના જાળવીને કબ્રસ્તાનને ખંડિત બનાવી, ખ્રિસ્તી સમાજની લાગણીને દુભાવતી ઘટનાઓ બની રહી છે.આવી અસંમજની પરિસ્થિતિમાં ચાલો આપણે સૌ જાગૃત થઈએ અને કબ્રસ્તાનના વિકાસ માટે આપણુ મહત્વનું યોગદાન આપી ઋણ અદા કરીએ.

આપણે આપણાં મરણ થયેલાં સ્વજનોને આ પવિત્ર ભુમિને સોપેલ છે. પવિત્રસ્થાન કબ્રસ્તાન કે જેનું ખ્રિસ્તી માન્યતા મુજબના પવિત્ર બાયબલમાં સચોટ ઉલ્લેખ કરેલ છે. દેવના બીજા આગમન સમયે મુએલા જ્યારે ઉઠશે ત્યારે રેપ્ચરના દિવસે આપણાં સ્વજનો અને આપણે સૌ મુએલાંમાંથી જીવીત થઈશું ત્યારે તે ભવિષ્યની અત્યંત રોચક સ્થિતિ માટે આપણું આ ઘંટી ટેકરાનું કબ્રસ્તાન તેની સાક્ષી પુરી શકે તે હેતુસર એક નિર્દોષ પ્રયાસના ભાગરુપે આપણે સૌ આપણા ધર્મતંત્ર અને ચર્ચના આર્શીવાદથી વ્યવસ્થાને મજબુત કરવા સૌ સાથે મળી આ પવિત્ર અભ્યાનમાં જોડાઇ આ ખંડિત થઈ ગયેલ કબ્રસ્તાનને સુરક્ષિત કરીએ તેની પવિત્રતા જાળવી રાખીએ અન તેને ખરેખર સાચા અર્થમાં ગૌરવવંતુ કબ્રસ્તાન બનાવીએ તે હેતુસર સદર સંસ્થા આપ સર્વ કુટુંબીજનોને, સભાજનોને અને ખાસ કરીને યુવા પેઢીને પોતાના અનુભવો, અભિપ્રાયો તથા મટીરીયલ સંસ્થાના નીચે આપેલ સરનામે મોકલી આપવા સંસ્થા આપને હૃદયના ઊંડાણથી પ્રેમભરી અપીલ કરે છે.

જો આપ કબ્રસ્તાનને લગતી સગવડો તથા સભ્યજનોને લગતી કોઈ સગવડો કરાવવા માંગતા હોવ તો આપના સજેશનો સંસ્થાને મોકલી આપવા નમ્ર વિનંતી ...

### આપણે શું કરીશું ...?

★ શું આપણે કબ્રસ્તાનને વધારે નુકશાન થવા દઈશું ?

★ શું આપણે સૌ હવે જાગૃત થઈશું ?

★ શું પુનરુત્થાન પ્રોજેકટને પવિત્ર આત્માના સામર્થ્યમાં આગળ વધારવાનો પ્રયત્ન કરીશું ?

### આપણે આપણી પવિત્ર ફરજ પુર્ણ કરીશું ?

આવો આપણે પુનરુત્થાન પ્રોજેકટને સાથ આપી આપણી નૈતિક ફરજરુપે સ્વયંભુ સાથે મળી એક નવો ઈતિહાસ રચીએ અને સામુહિક પ્રયાસથી આવનારી પેઢી માટે એક નવું સર્જન કરીએ એજ અભ્યર્થના સાથે આપણી સેવામાં તત્પર સેવક...


**થીઓ સોશિયલ સર્વિસ સેન્ટર**

( યુનીટ ઓફ થીઓ ચેરીટેબલ ટ્રસ્ટ)

પત્રવ્યવહારનુ સરનામું : સી-૨,શારોન એપોર્ટમેન્ટ,ક્રિશ્ચિયન કોલોની,મહાત્મા ગાધી સોસા.સામે,બહેરામપુરા,અમદાવાદ.૨૨

મોઃ ૯૦૯૯૫૨૦૬૦૫,૯૮૨૪૫૨૪૩૭૭, ૭૮૭૮૦૮૭૦૫૬

E-mail : theotssc7@gmail.com

## અમેરિકામાં નફરતની રાજનીતિને ચરમસીમા પર લઇ જતા અમેરીકી પ્રમુખના દાવેદાર ટ્રામ્પ

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચુંટણી નજીક આવી રહી છે તેમ તેમ એકબીજા પર આકરા પ્રહારો અને મતદારોને લુભાવવાની રાજનીતિ ચરમસીમાએ પહોચી ગઇ છે.અહી રિપબ્લીકન પાર્ટીના પ્રથમ હરોળના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રામ્પ આ વખતે ધર્મના નામે રાજનીતી કરી રહ્યા છે. તેઓએ ઇસ્લામને ટાર્ગેટ બનાવીને અગાઉ પણ એક વિવાદિત નિવેદન આપ્યું હતું.ત્યારે હવે ફરી તેમણે કહ્યું છે કે વિશ્વના ૨૭ ટકા મુસ્લીમો એવા છે કે જે આતંકવાદી જેવા છે.

એક સર્વને ટાંકીને તેમણે આ દાવો કર્યો હતો જોકે અમેરિકાના સત્તાપક્ષ ડેમોક્રેટિકના રાષ્ટ્રપતિ પદના ટોચના દાવેદાર હિલેરી ક્લિન્ટને ટ્રામ્પના આ નિવેદનને નફરત અને ભય ફેલાવનારુ ગણાવ્યું હતું.હિલેરીએ કહ્યુ હતું કે મને લાગે છે કે ટ્રામ્પ આક્રમક બની રહ્યા છે પણ અમેરીકાની જનતાએ વિચારવું પડશે કેમકે ટ્રામ્પ અમેરિકનોને એકબીજા સાથે લડાવવાની કોશીશ કરી રહ્યા છે.અગાઉ પણ ડોનાલ્ડ ટ્રામ્પ આ પ્રકારના વિવાદીત નિવેદન કરી ચુક્યા છે.તેઓએ અગાઉ કહ્યુ હતું કે મુસ્લીમો નફરત ફેલાવે છે, તેઓને અમેરિકા આવતા રોકવા જોઇએ કેમકે તેઓ અમેરિકાને નફરત કરે છે.તેમના આ નિવેદનની ભારે ટીકા થઇ હતી.ટ્રામ્પે કહ્યુ હતું કે આઇસનો ખાતમો કરવા માટે ૨૦ થી ૩૦ હજાર સૈનિકોની જરુર પડશે કેમકે આઇએસ એટલું મજબુત થઇ ગયું છે.

## જવાહરલાલ નહેરુ યુની.માંથી કનૈયા સહિત અન્ય ૨૧ વિદ્યાર્થીઓની હકાલપટ્ટીની કસરત ચાલુ

જવાહરલાલ નહેરુ યુની.માં દેશ વિરોધી થયેલા સુત્રોચ્ચારના માટે કથિત ૨૧ વિદ્યાર્થીઓને ફરીથી કારણ દર્શાવો નોટીસ જારી કરવામાં આવી હતી.આ મુદ્દે રચવામાં આવેલી સમિતએ કનૈયાકુમાર,ઉમર ખાલીદ,અને અર્નિબનને કેમ્પસમાંથી હાંકી કાઢવા માટે ભલામણ કરી હતી.કુલપતિ એમ. જગદીશકુમારે રચેલી આંતરિક તપાસ સમિતિએ પોતાના રિપોર્ટમાં કેટલાક વિદ્યાર્થીઓને વિવાદિત સમારોહ માટે દોષિત ઠરાવ્યા છે.કુટનીતિ દ્વારા વિરોધીઓને એવી જાળમાં ફસાવી દેવાય કે બિચારાને પોતાને નિર્દોષ સાબિત કરતાં આંખે પાણી આવી જાય.સરકાર આ વિદ્યાર્થીઓની પાછળ પડી ગઇ છે.અને દેશદ્રોહી સાબિત કરવાના અનેક પ્રયત્નો છતાં તેમ કરી શકી નથી.પરંતુ હવે તેમની સત્તાનો ઉપયોગ કરીને જેએનયુના કુલપતિ અને અન્ય સ્ટાફ દ્વારા કડક પગલાં લેવાઇ રહ્યા હોવાનો અહેસાસ થઇ રહ્યો છે.સાપ મરે અને લાઠી ભાંગે નહી એવો એક દાવ ખેલાઇ રહ્યો છે.ખેર, આ જંગ નથી પરંતુ તેને જેએનયુને સમરાંગણમાં ફેરવા રાજકીય જંગ ખેલવાનું દુસાહસ કોને ભારે પડશે તે સમય બતાવશે.

## ભારતની નેતાગીરીએ ઉગ્ર નિવેદનો આપતાં હિંદુ સગંઠનો વિરુધ્ધ આકરી પ્રતિક્રિયા આપવી જોઇએ : સ્વેટે

ધાર્મિક સ્વાતંત્રતા પર અમેરિકન પંચના એક ટોચના અધિકારીએ ભારતને સલાહ આપતાં કહ્યુ હતું કે ભારતના ટોચના નેતૃત્વએ હિન્દુવાદી સંગઠનો દ્વારા ઊગ્ર નિવેદનો વિરુધ્ધ વધુ આકરી પ્રતિક્રિયા આપવી જોઇએ.ભારત દ્વારા તેમને એક સ્વતંત્ર સંસ્થાના સભ્ય તરીકે વિઝા જારી કરવાનો ઇન્કાર કરતાં ભારતે એક મોટી તક ગુમાવી હોવાનું તેમણે જણાવ્યુ હતું.યુએસસીઆઇઆરએફના કમિશ્નર સ્વેટે કહ્યુ હતું કે ભારત દુનિયાનો સૌથી વિશાળ લોકતાંત્રીક દેશ છે.તેણે હવે માનવ અધિકારોના સંરક્ષણ પર લક્ષ આપતાં અમેરિકન પંચના કમિશ્નરો અને પ્રોફેશનલ્સને અનુમતિ આપવામાં રક્ષાત્મક થવું જોઇએ ખરુ પણ તેનાથી નબળાઇ જાહેર થાય છે, મજબુતી નહીં.

વિશ્વનો સૌથી વિશાળ ધોધ નાયગ્રા છે.
પહેલું ક્રેડીટ કાર્ડ ૧૯૫૧માં અમેરીકન એક્સપ્રેસ દ્વારા ઇસ્યુ કરવામાં આવ્યું હતું.
જાપાનમાં પહેલી ઓક્ટોમ્બર ઓફીસીયલ કોફીડે તરીકે મનાવાય છે.
કોફીનું વૃક્ષ ૬૦ થી ૭૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વ્યક્તિ પુજા સામે ચેતવણી

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તરફથી ભાજપાના નેતાઓને એક ચેતવણી આપવામાં આવી છે.સંઘે ભાજપના નેતાઓની વધુ પડતી ચાંપલુસી અને વ્યક્તિ પુજા કરવા સામે ચેવતણી આપતાં કહ્યુ કે આ બંધ થવું જોઇએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભગવાનની ભેટ ગણાવનારા અનેક નેતાઓના નિવેદનની સંઘે ટીકા કરી હતી.સુત્રોએ કહ્યું કે સંઘના પદાધિકારીઓએ નાયડુ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીના નિવેદનો અંગે નારાજગી વ્યક્ત કરી હતી.રાષ્ટ્રીય કારોબારીમાં છેલ્લા દિવસે રાજકીય ઠરાવ રજુ કરતી વખતે કહ્યું હતું કે મોદી દેશને ભગવાનની ભેટ છે અને તેઓ ગરીબોના મસિહા છે તેમને કારણે દેશની ઓળખ ઉભી થઇ છે. તેમણે સુચવ્યું કે ભાજપ નેતૃત્વ વ્યક્તિગત પુજાને પ્રોત્સાહન ન આપવું જોઇએ. કારણકે સંઘમાં સંગઠન જ સર્વોચ્ચ છે.સંઘની પ્રતિનિધિ સભાની બેઠક તાજેતરમાં રાજસ્થાનના નાગૌર ખાતે સંપન્ન થઇ ત્યારબાદ સંઘના નેતાઓએ ભાજપના નેતાઓ સાથે બેઠક યોજી હતી જેમાં સંઘની બેઠક અંગે ભાજપને જણાવાયું હતું.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## કેન્દ્ર સરકારે ફરીથી એકવાર જાતિ આધારિત અનામત નીતિની તરફેણ કરી અને સંઘના નિવેદન સામે જેટલીએ બચાવ કર્યો



રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતા સુરેશ ભૈયાજી જોશીએ રાજસ્થાનના નાગૌર ખાતે જણાવ્યું હતું કે સમાજના સમૃધ્ધ અને વગદાર લોકો માટે શિક્ષણ અને નોકરીમાં અનામત હોવી જોઇએ નહીં.જો કે તેમનુ મંતવ્ય બૃહદ સ્વરુપે જોઇએ તો સમાજ માટે સાચી વાત છે.અનામત એવા લોકો માટે છે જેઓ નબળા છે અને અનામત નીતિ જેમના માટે સ્વીકારાઇ છે. પરંતુ વિરોધ પક્ષોએ આ બાબતે સંસદમાં તેનો વિરોધ કર્યો હતો.એમ સમજીને કે સરકાર અનામત નીતિ પર કોઇ પુનઃ વિચારણા કરવા માંગે છે જેનો પડઘો સુરેશ ભૈયાજી જોશી પાડી રહ્યા છે.

વિરોધપક્ષના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે હાલની સામાજિક અને જાતિ આધારિત અનામત નીતિ પર કોઇ પુનઃવિચારણા નહીં થાય.હાલની અનામત નીતિ જ જારી રહેશે. સંઘના નેતાઓ દ્વારા અનામત મુદ્દે અપાયેલા નિવેદનો પર ચિંતા વ્યક્ત કરતાં સમાજવાદી પાર્ટી અને બહુજન પાર્ટીના સાંસદોએ રાજયસભામાં ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી.જેના જવાબમાં રાજયસભાના નેતા અને નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યું હતું કે સરકારની સ્પષ્ટ નીતિ એ છે કે હાલની અનામત વ્યવસ્થા જારી રખાશે. સંઘ હાલની અનામત નીતિમાં બદલાવ કે રદ કરવાની માંગ કરી નથી. સુરેશ ભૈયાજી જોશીએ એવું કશું કહ્યું નથી.કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ રાજયસભામાં કહ્યુ હતું કે સરકારનું વલણ સ્પષ્ટ છે કે અનામત નીતિ ચાલુ રહે અને સંઘે અનામત નાબુદ કરવાની વાત કરી નથી.એસસી અને એસટી માટેની અનામત હટાવવાનો સવાલ પેદા જ થતો નથી.સંઘે અનામતનો અંત લાવવા નહીં પરુંત મજબુત બનાવવા અપીલ કરી છે.

સપાના સાંસદ રામગોપાલ યાદવે સરકાર પર હાલની અનામત નીતિ રદ કરવાનું કાવતરુ ઘડવાનો આરોપ મુક્યો હતો.તેમણે જણાવ્યુ હતું કે સંઘ અને સરકાર વચ્ચે કોઇ તફાવત નથી.સુરેશ ભૈયાજી જોશીના નિવેદનનો ઉલ્લેખ કરીને બસપાના સાંસદ માયાવતીએ જણાવ્યુ હતું કે બંધારણમાં એસસી, એસટી અને ઓબીસીને અનામત આપવાના સ્પષ્ટ માપદંડો વ્યાખ્યાતિત કરાયા છે.હવે સંઘના નેતાઓ આર્થિક માપદંડો આધારિત અનામતની વાતો કરી રહ્યા છે. ભાજપ સત્તા પર આવ્યો છે ત્યારથી અનામતના મુદ્દે નિવેદનો અપાઇ રહ્યા છે.

હરિયાણાં માંડ શાંત પડેલું અનામત આંદોલન ફરીથી શરુ કરવા માટે જાટોએ ધમકી આપી છે.

હરિયાણાના જાટ નેતાઓએ ફેબ્રુઆરી દરમિયાન અનામત આદોલન દરમિયાન જાટો સામે નોધાયેલા કેસો પાછા ખેચવાની માંગ કરતાં ફરી એકવાર આંદોલનની ધમકી આપી છે.આગામી ૭૨ કલાકમાં જાટ નેતાઓ તેમની માંગોના સંદર્ભમાં સબંધિત પોલીસ અધિકારીઓને આવેદનપત્રો આપશે.ગયા મહિને ચાલેલા આંદોલમાં હરિયાણાના ૩૦ લોકોના મોત નિપજ્યા હતા. અને હજારો કરોડ રુપીયાનું નુકશાન પહોચ્યુ હતું.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ગરીબી-ઉન્મુલનની વાતો કરી, છતાં ઘટી નથી

દેશમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગરીબ સમાજ અને સરકારી પગલાંઓ વિશે વાત કરી. પંડિત નહેરુના સમયથી અત્યાર સુધીનો ટુંકો ઈતિહાસ જોયો. રોટી,કપડાં ઔર મકાન અને ગરીબી હટાવોવાળા અર્થતંત્રમાંથી બહાર આવીને આપણે આર્થિક ઉદારીકરણની દિશા પકડી છે.પ્રારંભ સારો હતો, પણ પછી વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાઈ જતાં વિવિધ પ્રશ્નો આપણી સમક્ષ આવ્યા અને ગરીબી અને ગરીબીની વાત કરીએ ત્યારે કેટલીક વાતો ખાસ નોંધ માગી લે છે.આપણે દેશને જાણે ઈન્ડીયા અને ભારત એમ બે વિભાગમાં વહેચી દીધો છે.જે વિકસિત,સુધરેલું,ચમકદમવાળું દેખાય છે તે દેશનું નામ ઈન્ડીયા છે અને ગંદકી,અભાવ,ભિક્ષુકોના ટોળા, ઝુંપડપટ્ટીઓ, ગંદા ગોબરા ફરતા લોકો,રાશનની ,રેલ્વે કે બસના પાસ કઢાવવાની કે એ પ્રકારની લાઈનોમાં ઉભુ રહેવું તે ભારત છે.જે કડકડાટ અંગ્રેજી બોલે છે તે ધનવાન ઈન્ડીયા છે.જે ગામઠી બોલી ,શૈલી અને રહેણી કરણીમાં છે તે ગરીબ ભારત છે. સુટેડ બુટેડ ધનવાન ઈન્ડીયા છે, ફાળિયુ,પાઘડી,ટોપી ધોતીયું, એ ગરીબ ભારત છે.આવી બધી વિભાવનાઓ વચ્ચે પણ એક હકીકત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ દુનિયાના ૨૫ ટકા ગરીબો અને કુપોષણના શિકાર બનેલા એવા લોકો ભારતમાં વસે છે.

દેશમાં ૬૫ વર્ષોમાં જેટલી સરકારો આવી તે બધી સરકારોએ ગરીબી ઉન્મુલનની વાતો કરી. તેને માટે જુદા જુદા કાર્યક્રમો આપ્યા અને છતાં પણ દેશમાંથી ગરીબી હટી નથી.કુપોષણ ગયું નથી.જે ખેડુત જાતે મજુરી કરીને અનાજ પકવે છે તે આપઘાત કરવા કેમ પ્રેરાય ? તે ખેડુત જ સૌથી વધુ કુપોષણનો શિકાર કેમ ?આવા પ્રશ્નોના જવાબ એ છે કે , ખેડુત અનાજ પકવે છે તે જાતે પોષ્ટીક ખોરાક નથી ખાઈ શકતો.તેના કુટુંબને નથી ખવડાવી શકતો.પોતાના બાળકોને ભણાવી નથી શકતો.

ગરીબી ખરેખર હટાવવાનો ઉપાય એ છે કે જે તે ગરીબને તે પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવા કામમં જોતરવો.તેને આધાર કાર્ડના આધારે સીધી રોકડ સબસીડી આપવાથી,વરસમાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવાથી કે ૩૫ કીલો અનાજ આપી દેવાથી ગરીબી દુર થઈ શકે તે વાતમાં માલ નથી.આ રીતે ગરીબીને લાંબાગાળા સુધી ટકાવી શકાય ખરી, જેમ આપણે દેશમાં આઝાદી પછી કરતાં આવ્યા છીએ અને હજુ પણ કરી રહ્યા છીએ.અર્થશાસ્ત્રના એક સિધ્ધાંતમાં ખાડા ખોદાવીને ખાડા ભરાવતા રહેવાની વાત આવે ચે. આ કળામાં આપણે નિષ્ણાંત છીએ. ખાડા ખોદાવતા રહીએ છીએ અને ખાડા ભરાવતા રહીએ છીએ. પરંતુ ગરીબના પેટના ખાડા ભરી નથી શકાતા.

જે સહેલાઈથી તેને બીડી,તમાકુ,દારુ વગેરે મળે છે તે સહેલાઈથી તેને દુધ,ધી,અનાજ મળતું નથી.પ્રામાણિક અને ઉત્પાદક કામ મળતું નથી.પૌરાણિક હિન્દુ સંસ્કૃતિમાં ગૌપાલનનું મહત્વ અંકાયેલુ છે.ગરીબ ખેડુતને કેશ સબસીડીને બદલે દુધાળુ જનાવર આપવામાં આવે તો તેમાંથી જે અર્થશાસ્ત્ર નીપજે તે ગરીબી દુર કરવામાં મદદ કરી શકે.

કતલખાનાના ઉદ્યોગ માટે સબસીડીઓ અને રાહતો આપતાં આપણે એક મુદ્દાની જે વાત ભુલી જઈએ છીએ તે એ કે દુધ રોજિંદો ખોરાક છે. પૌષ્ટિક પણ છે . દુધાળું ગાય કે ભેસ દિવસમાં જેટલું દુધ આપે તેમાંથી ધર વપરાશનું કાઢી લઈને જે તે દુધાળું પ્રાણીનો માલિક સહકારી મંડળીને,ડેરીને કે બજારમાં વેચી રોજગારી ઉભી કરે. આ રીતે તે સ્વાવલંબી બને.પગભર થાય અને ઉત્પાદક બને. ખેતીઅને પશુ પાલન આમ પરંપરાગત રીતે આપણા અર્થશાસ્ત્રના મુખ્ય અંગ રહ્યાં છે.તેની ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવે તો ગરીબી અને રોજગારીની સમસ્યામાંથી વહેલો છુટકારો થાય.

ઉતાવળે લેવાતાં પગલાં પાછળ રાજકીય લાભ ખાટવાની મંછા હોય એ સ્વાભાવિક છે. પરંતુ અર્થશાસ્ત્રીઓ અને સરકારો, અમલદારો અને વ્યવસ્થાપકો વિચારે ભલે બંધ ઓરડામાં, પણ તે પહેલાં બહાર નીકળીને એકવાર ખુલ્લી આંખે વાસ્તવિકતા પણ જોઈ લે.આપણે જે પ્રગતિની, વિકાસની કે વૃધ્ધિની વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે જાણીએ છીએ ખરા કે આપણે જાહેર જીવનને સ્પર્શતી કેટલીક બાબતોમાં બેન્ચ માર્ક સ્થાપિત કર્યા છે.કેટલી બાબતોમાં સ્ટાન્ડર્ડાઈઝેશન કર્યું છે.આપણી પાસે રસ્તા ઉપર બંમ્પ બનાવવાનું કોઈ ગણિત છે ?ઓવરબ્રીજ ઉપર પણ ટ્રાફિક પોઈન્ટ મુકવા પડે તેવું આયોજન દુનિયામાં ક્યાંય જોયું છે. દોઢસો કીલોમીટરના હાઈવે પર ત્રણ ત્રણ વાર,ચાર ચાર વાર ટોલટેક્ષ બુથ આવે ખરાં ? શહેરની વચ્ચોવચની આખી રેલ્વે લાઈન જાહેર શૌચાલયમાં હોય , ગમે ત્યાં થુંકવા, પેશાબ છૂટી કરવા, ગાડી સ્કુટરો આડેધડ ઉભા કરવાની છુટ હોય, રેલ્વે પ્લેટફોર્મ અને બાગ બગીચા દારુડીયા જુગારીઓ અને લફરાબાજોના અડ્ડા હોય.શિક્ષણશાસ્ત્રીઓનો લાઈબ્રેરીની નહી, પણ સ્વીમીગ પુલોમાં ધુબાકા મારવા હોય, સ્કુલ કોલેજોને દુકાનોની જેમ ચલાવવી હોય,દવાખાનાઓમાં દવા અને ડોકરો સિવાય બધું જ હોય. ડીઝાસ્ટર મેનેજમેન્ટવાળાઓને ડીઝાસ્ટર અને અકસ્માત વચ્ચેનો ભેદ ખબર ન હોય. ગોદામોમાં અનાજ સડતું હોય.જંતુનાશકો સોફ્ટ ડ્રિંકસ અને મધ્યાય ભોજનમાં ભેળવાતાં હોય, પુલો ઈમારતો અડધી પડધી બની હોય ન બની હોય ત્યાં ધબાય નમઃ થઈ જાય. આપણી સાચી ગરીબી આ છે.આ ગરીબી દુર કરવાના પગલાં લેવાશ ત્યારે ગાંધીજીએ કહેલા છેવાડાના માણસને આપણે ધ્યાને લીધેલો કહેવાશે. આવી ગરીબી જ્યારે દુર થશે ત્યારે આપણે પ્રગતિ કરી કહેવાશે.

આ બધું જોતાં એટલું તો ચોખ્ખું દેખાય છે કે ૨૦૧૪ની ચુંટણીઓ કદાચ વિકાસ અને સુશાસન ના મુદ્દે લડાય. ગરીબીના મુદ્દે નહી, કારણકે નેશનલ સેમ્પલ સર્વેના આંકડા મુજબ છેલ્લા થોડા વર્ષોમાં દેશની ગરીબીમાં ૧૮.૨ ટકા પોઈન્ટમાં ઘટાડો થયો છે.અને લોકોના માથાદીઠ ખર્ચમાં ૨૮ ટકા વૃધ્ધિ થઈ છે.

(પરિમલ નથવાણી, રાજ્ય સભાના સાંસદ , સૌ.સંદેશ)

# પ્રોઇડંટ ફંડની પુરેપુરી રકમ હવે વહેલી ઉપાડી શકાશે નહીં : નિવૃત્તિ વય ૫૮ ગણાશે

કેન્દ્રીય શ્રમ મંત્રાલયે કર્મચારી ભવિષ્ય નિધિમાં (ઈપીએફ)ની માર્ગદર્શિકાઓમાં ગત ૧૦મી ફેબ્રુઆરીથી અમલમાં આવે તેમ ફેરફાર કર્યા છે.જેના પગલે હવે કર્મચારીએ નોકરી છોડી દીધી હોય તો ૬૦ દિવસ બાદ પીએફની પુરેપુરી રકમ ઉપાડી લેવાની જે સુવિધા હતી તે હવે મળતી બંધ થઈ ગઈ છે.વહેલા ઉપાડની બાબતમાં નવી માર્ગદર્શિકાઓ અમલી બની હોવાથી હવે કર્મચારી પોતાની પીએફની પુરેપુરી રકમ ૫૮ વર્ષ થઈ ન જાય ત્યાં સુધી ઉપાડી શકશે નહીં.વય નિવૃત્તિ અત્યાર સુધી ૫૫વર્ષની ગણાતી હતી તેમાં પણ સરકારે હવે સુધારો કરીને ૫૮ વર્ષ કરી છે.

કર્મચારી હવે માત્ર પોતાનો ફાળા અને તેની ઉપરનું વ્યાજ જ ઉપાડી શકશે. નોકરીદાતાનો એટલે કે માલિક દ્વારા જે રકમ જમા કરાવવામાં આવી હોય તે રકમ ૫૮ વર્ષ બાદ મળી શકશે.નોકરીમાંથી રાજીનામું આપ્યાના ૬૦ દિવસ બાદ કે જે સમયમાં તે બેરોજગાર હોય ત્યાર બાદ પીએફની રકમ ઉપાડી શકાતી નથી.

# ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓ કોર્ટ સુધી લઇ જનાર સબરંગ એનજીઓનું લાઇસંન્સ રદ થશે

સબરંગ નામની એનજીઓ ચલાવનાર તિસ્તા સેતલવાડની સંસ્થા પર સરકારી તવાઈ ઉતરી આવી છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ એનજીઓને વિદેશી ફંડ મેળવવા પર પ્રતિબંધ મુકી દીધો છે.ફોરેન કન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન)એકટ (એફસીઆરએ) અંતગર્ત સબરંગનું લાઈસંન્સ રદ કરવા માટેની તજવીજ હાથ ધરાઈ છે. ગૃહ મંત્રાલયના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે સબરંગનુ લાયસંન્સ રદ કરવાનો પ્રોસેસ જારી છે.તિસ્તા સેતલવાડના એનજીઓ સબરંગ દ્વારા ૨૦૦૨ના ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓને કોર્ટ સુધી પહોચાડવામાં આવી હતી. ગુજરાતના કોમી રમખાણોની ઘટનાઓ બાબતે તિસ્તા સેતલવાડ તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ટીકાકાર રહ્યા છે. ગયા વર્ષે સપ્ટે ૯ તારીખે એનડીએની સરકારે કેટલાક નિયમો ટાંકીને સબરંગનું લાઈસંન્સ સસ્પેન્ડ કરી દીધું હતું.જો કે ૧૮૦ દિવસનું આ સસ્પેન્સન ૧૦મી માર્ચે પુરુ થયું હતું.

સબરંગને ઓકટો ૨૦૧૫ સુધીમાં સરકારને જવાબ આપી સબરંગે તેને મળતા તમામ ડોનેશનની સ્પષ્ટતા સરકારને કરી હતી.જો કે ગૃહમંત્રાલયને તે અપુરતી લાગી હતી.ટીકાકારો પર તવાઈ આવવી એ નવાઈની વાત નથી.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.